# ધો.10ના તેજસ્વી તારલા

98.61 પર્સન્ટાઈલ



**મહેશ મયુરકુમાર પંચાલ**
રિલાયન્સ ફા.સ્કૂલ

98.38 પર્સન્ટાઈલ



**ધાન્વી હિરેનકુમાર પંચાલ**
રિલાયન્સ ફા.સ્કૂલ

99.02 પર્સન્ટાઈલ



**વિજય સી. રાજપુરોહિત**
રિલાયન્સ ફા.સ્કૂલ

98.02 પર્સન્ટાઈલ



**તક્ષશિલ ભાવીન નાયક**
રિલાયન્સ ફા.સ્કૂલ

96.94 પર્સન્ટાઈલ



**કાવ્યા હિરેન જોષી**
રિલાયન્સ ફા.સ્કૂલ

99.71 પર્સન્ટાઈલ



**સિફા મો.શફીક ખટુંબા**
રિલાયન્સ ફા.સ્કૂલ

96.94 પર્સન્ટાઈલ



**હીર ધવલકુમાર ત્રિવેદી**
રિલાયન્સ ફા.સ્કૂલ

95.90 પર્સન્ટાઈલ




**ધ્વની હાર્દિકકુમાર સિંઘલા**
રિલાયન્સ ફા.સ્કૂલ

99.98 પર્સન્ટાઈલ



**હર્ષિતા જીતેન્દ્રભાઈ પવાર**
યાજ્ઞિક વિદ્યાલય

95.90 પર્સન્ટાઈલ



**હિયા હિમાંશુ સુતરીયા**
રિલાયન્સ ફા.સ્કૂલ

99.62 પર્સન્ટાઈલ



**બિનલ કિર્તીકુમાર શાહ**
રિલાયન્સ ફા.સ્કૂલ (ગુ.)

97.08 પર્સન્ટાઈલ




**નક્ષત્રા હેમંત અમ્બ્રે**
એસએસવી વાઘોડિયા રોડ

98.39 પર્સન્ટાઈલ



**મિશવા દેવેન્દ્રભાઈ વણકર**
રિલાયન્સ ફા.સ્કૂલ (ગુ.)

98.14 પર્સન્ટાઈલ



**ધ્યાન મિતેશ લિમ્બાચિયા**
રિલાયન્સ ફા.સ્કૂલ (ગુ.)

96.22 પર્સન્ટાઈલ



**શ્રી રાજીવ ભુસાવલકર**
જય અંબે વિદ્યાલય

97.77 પર્સન્ટાઈલ



**જીયા રમેશભાઈ પટેલ**
રિલાયન્સ ફા.સ્કૂલ (ગુ.)

97.77 પર્સન્ટાઈલ



**શ્વરા તારક બુચ**
રિલાયન્સ ફા.સ્કૂલ (ગુ.)

96.66 પર્સન્ટાઈલ



**કાવ્યા મયુર ભુસાવલકર**
ક્રિસ્ટલ સ્કૂલ

96.80 પર્સન્ટાઈલ



**હેત મુકેશકુમાર પારેખ**
રિલાયન્સ ફા.સ્કૂલ (ગુ.)

96.15 પર્સન્ટાઈલ




**અંશ દિલીપસિંહ પરમાર**
રિલાયન્સ ફા.સ્કૂલ (ગુ.)

91 પર્સન્ટાઈલ




**મીત મીતેષ શીંદે**
બરોડા હાઈસ્કુલ

98.14 પર્સન્ટાઈલ



**કૌશિક સંજયભાઈ ગુપ્તા**
રિલાયન્સ ફા.સ્કૂલ

99.62 પર્સન્ટાઈલ



**આશિષ સંજીવકુમાર રોય**
રિલાયન્સ ફા.સ્કૂલ

79 પર્સન્ટાઈલ




**ખુશ્બુ ગૌરવ પેઠે**
જય અંબે સ્કૂલ

96.66 પર્સન્ટાઈલ



**નૈતિક ગૌરાંશ ગોસ્વામી**
રિલાયન્સ ફા.સ્કૂલ

95.90 પર્સન્ટાઈલ



**શ્રેયા રાજકિરણ ભટ્ટ**
રિલાયન્સ ફા.સ્કૂલ

88.28 પર્સન્ટાઈલ



**શર્મિન મો.શરીફ સાડીવાલા**
ફાતેમા ઝહરા અંગ્રેજી માધ્યમ

# વડાપ્રધાનના આગમન પૂર્વે તંત્ર સજ્જ, યોજાયું મેગા સ્વચ્છતા અભિયાન શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાના પ્રવાસે આવી રહ્યા છે, ત્યારે તેમના સ્વાગત અને શહેરની સુંદરતા માટે વડોદરા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વડાપ્રધાનના પ્રવાસને ધ્યાનમાં રાખીને શહેરના પૂર્વ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનને અત્યંત સઘન બનાવવામાં આવ્યું છે. ખાસ કરીને 'વન ડે વન રોડ' અભિયાન અંતર્ગત આજે ગદા સર્કલથી ગોલ્ડન ચોકડી સુધીના મુખ્ય માર્ગ પર મેગા સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ સફાઈ અભિયાનમાં વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ પોતે મેદાનમાં ઉતર્યા હતા. તેમની સાથે કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ, સફાઈ કર્મચારીઓ અને વિવિધ શાળાઓના 'ઈકો વોરિયર્સ' તરીકે ઓળખાતા



વિદ્યાર્થીઓ પણ ઉત્સાહભેર જોડાયા હતા. માર્ગો પર જામેલી ધૂળ, કચરો અને આજુબાજુની ગંદકીને દૂર કરી સમગ્ર પટ્ટાને ચકાચક કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 11 તારીખે વડોદરામાં 'સરદારધામ'નું લોકાર્પણ કરવાના છે. આ કાર્યક્રમમાં અનેક વીવીઆઈપી નેતાઓ અને મહાનુભાવોની હાજરી રહેવાની હોવાથી શહેરના માર્ગોને સુઘડ અને હરિયાળા બનાવવાનો પ્રયાસ પાલિકા દ્વારા કરવામાં આવી રહ્યો છે. મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, છેલ્લા બે મહિનાથી શહેરના ચારેય ઝોનમાં (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ) આ પ્રકારે સફાઈ કામગીરી ચાલી રહી છે.

# 24મી કુમાર સુરેન્દ્રસિંહ નેશનલ શૂટિંગ ચેમ્પિયનશીપમાં રીયા ભટનાગરે ગોલ્ડ મેડલ મેળવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાની પ્રતિભાશાળી શૂટર રિયા ભટનાગરએ દિલ્હી ખાતે યોજાયેલી રમી કુમાર સુરેખ સિંહ નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ (પિસ્તોલ) 2025માં ગોલ્ડ મેડલ મેળવી શહેર અને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. તા. 28 માર્ચથી 14 એપ્રિલ દરમિયાન યોજાયેલી આ સ્પર્ધામાં દેશભરના પ્રતિભાશાળી શૂટરો વચ્ચે કડક સ્પર્ધા જોવા મળી હતી. રિયાએ પિસ્તોલ માસ્ટર કેટેગરીમાં 500 માંથી 487નો ઉત્તમ સ્કોર નોંધાવી ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. તેમના આ શાનદાર પ્રદર્શનને કારણે તેમણે રાષ્ટ્રીય સ્તરે પોતાની મજબૂત ઓળખ ઉભી કરી છે. રિયાને આ સિદ્ધિ બદલ સ્થાનિક એસોસિએશન દ્વારા સન્માનિત કરવામાં આવી હતી. તેમના કોચ અને પરિવારજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે. રિયાનું આ પ્રેરણાદાયક સફળતા અન્ય યુવા ખેલાડીઓ માટે પ્રોત્સાહનરૂપ બની રહેશે.

# નકલી નોટ કૌભાંડમાં માસ્ટરમાઈન્ડ પકડવા SOGની ટીમની રાજસ્થાન તરફ તપાસ

**ખાનગી** યુનિવર્સિટીના 5 વિદ્યાર્થીઓ સહિત 6 પાંચ દિવસના રિમાન્ડ ઉપર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા શહેરમાં ભારતીય ચલણની નકલી નોટોના કૌભાંડમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસમાં ખાનગી યુનિવર્સિટીના 5 વિદ્યાર્થીઓ સહિત 6 આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. મુખ્ય આરોપી ને પકડવા માટે પોલીસે રાજસ્થાનમાં તરફ તપાસનો દોર ફરી લંબાવ્યો છે.

વાઘોડિયા રોડ પર આવેલી HDFC બેંકના કેશ ડિપોઝિટ મશીનમાં ગત 28 એપ્રિલે રૂ.500ની 20 નકલી નોટો જમા થતાં મામલો સામે આવ્યો હતો. બેંક મેનેજરે આ અંગે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન SOGએ સાગર રમેશ મારુ, નિસર્ગ દિનેશ પટેલ, ધનુષ પ્રકાશ હેલીકેરી, ભાવેશ નીલકમલ શર્મા, તીર્થ વિનોદ લિખીયા અને અક્ષય સાવરલાલ ગોયલને ધરપકડ કરી હતી.

આરોપીઓની ઘનિષ્ઠ પૂછપરછમાં ખુલ્યું કે તેઓ નકલી નોટો રાજસ્થાનના અક્ષય ગોયલ અને મનોહર ઉર્ફે મુન્ના ગુજ્જર પાસેથી મેળવતા હતા. આરોપીઓની વધુ પૂછપરછ માટે SOGએ કોર્ટમાં 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, પરંતુ મેજિસ્ટ્રેટે તમામ આરોપીઓને 5 દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલ્યા છે.

બીજી તરફ, મુખ્ય સૂત્રધાર મનોહર ઉર્ફે મુન્ના ગુજ્જર હજુ સુધી પકડાયો નથી અને તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. તેને ઝડપી પાડવા માટે SOGની અલગ-અલગ ટીમો તપાસમાં લાગી ગઈ છે, જેમાં એક ટીમ રાજસ્થાનમાં ગુપ્ત રીતે ધામા નાખીને તપાસ કરી રહી છે.

# ભેજનું પ્રમાણ વધતા કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ ,તાપમાન 40.6 ડીગ્રી

**15 જૂન** આસપાસ પવન સાથે ચોમાસાનો વરસાદ વરસી શકે

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

વડોદરામાં વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું છે. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન 40.6 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 28.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 76 ટકા અને સાંજે 28 ટકા નોંધાયું હતું. રાજ્યના હવામાનમાં અચાનક પલટો આવ્યો છે. જેનો મુખ્ય કારણ એક સાથે સક્રિય થયેલી બે હવામાન સિસ્ટમ છે. સાયકલોનીક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન સક્રિય થવાની સાથે ભેજવાળા પવનનો ફૂંકાવાથી આગામી 24 કલાક દરમિયાન વિવિધ ભાગોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે. તારીખ 7 મેથી 12 મે દરમિયાન હવામાન મુખ્યત્વે સૂકો રહેવાનું અનુમાન છે. જોકે રાહત લાંબો સમય ટકશે નહીં. આગામી ત્રણ દિવસ તાપમાન સ્થિર રહ્યા બાદ ગરમીમાં ધીમે ધીમે બે થી ત્રણ ડિગ્રીનો વધારો થશે. ખાસ કરીને તારીખ 9 થી 12 મે દરમિયાન ઉત્તર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાને કારણે પકડામણ વધી શકે છે. નિષ્ણાંતોએ કાળઝાળ ગરમી વચ્ચે આંધી-તોફાનનું અનુમાન વ્યક્ત કર્યું છે. 8 મે સુધી રાજ્યના કેટલાક ભાગોમાં પ્રિ-મોનસૂન એક્ટિવિટીનો વરસાદ વરસવાની આગાહી વ્યક્ત કરી છે.

દક્ષિણ-પશ્ચિમ દિશાના ભેજના પવનોનો લીધે રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે. 12થી 14 મે આસપાસ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લીધે સરહદ નજીકના વિસ્તારોમાં વરસાદ વરસી શકે છે. તા. 19 થી 23 મે વચ્ચે ફરી હવામાનમાં પલટો આવશે. દરિયામાં ઊંચા મોજા ઉછળવાની અને 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની આગાહી કરી છે. 15 જૂન આસપાસ પવન સાથે ચોમાસાનો વરસાદ વરસી શકે છે.

### હોસ્ટેલના રૂમને તાળું, મોબાઈલ સ્વીચ ઓફ; પોલીસ તપાસ તેજ

# વડોદરામાં MBBSના ગુમ વિદ્યાર્થીની અનેક શહેરોમાં શોધખોળ છતાં હજુ કોઈ પત્તો નહીં

**માતા સાથે** છેલ્લી વાત બાદ મોબાઇલ બંધ આવતા 10 દિવસ લાપતા હોય પરિવાર ચિંતીત

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા શહેરની બરોડા મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતો 21 વર્ષનો MBBSનો વિદ્યાર્થી છેલ્લા 10 દિવસથી લાપતા હોવાથી પરિવાર ચિંતા મુકાઈ ગયો છે. પોલીસ દ્વારા પણ અલગ અલગ શહેરોમાં તપાસ પરંતુ વિદ્યાર્થીનો કોઈ હજુ પતો મળ્યો નથી.

બરોડા કોલેજમાં એમબીબીએસ નો અભ્યાસ કરતો આ વિદ્યાર્થી 26 એપ્રિલે વડોદરા આવી પહોંચ્યો હતો અને પિતાને ફોન કરી સુરક્ષિત પહોંચ્યાની જાણ કરી હતી. ત્યારબાદ 27 એપ્રિલે સાંજે તેની માતા સાથે છેલ્લી વાર વાતચીત થઈ હતી. આ પછી તેનો મોબાઈલ સતત સ્વીચ ઓફ આવતા પરિવારજનોમાં ચિંતા વ્યાપી ગઈ હતી.

પરિવારજનો વડોદરા પહોંચી વિદ્યાર્થીના બોયઝ હોસ્ટેલમાં તપાસ કરતા તેનો રૂમ બહારથી લોક મારેલો મળી આવ્યો હતો. મિત્રો અને ઓળખીતાઓ પાસેથી પણ કોઈ ચોક્કસ માહિતી મળી નથી. શોધખોળ દરમિયાન પરિવારજનો વડોદરા રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ સહિત અનેક સ્થળોએ તપાસ કરી રહ્યા છે. ઉપરાંત અમદાવાદ, ગોધરા અને રાજસ્થાનના કોટા સુધી જઈ તપાસ કરવામાં આવી છે, છતાં વિદ્યાર્થીનો કોઈ પત્તો લાગ્યો નથી

CCTV ફૂટેજ અનુસાર વિદ્યાર્થી છેલ્લે સયાજી હોસ્પિટલ સામે આવેલા SBI ATM પરથી પૈસા ઉપાડતો જોવા મળ્યો હતો. જાણવા મળ્યું છે કે તે અભ્યાસના આઠમા સેમેસ્ટરમાં એટીકેટી ધરાવતો હતો, જેના વિશે પરિવારને બાદમાં જાણ થઈ હતી. આ મામલે રાવપુરા પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી છે. પોલીસ દ્વારા શહેરના વિવિધ CCTV ફૂટેજ ચેક કરવામાં આવી રહ્યા છે તેમજ કોલ ડીટેઈલની પણ તપાસ ચાલી રહી છે. તેમ છતાં વિદ્યાર્થીનો મોબાઈલ હાલ બંધ જ છે. દસ દિવસ થવા આવ્યા છતાં પુત્રનો કોઈ પતો નહીં લાગતા પરિવાર પણ ચિંતિત બન્યો છે.

### મકરપુરાની જશોદા કોલોનીમાં હૃદયદ્રાવક ઘટના

# ધો. 12માં આવેલા 17 વર્ષીય આતિશ ચૌધરીનો ગળેફાંસો ખાઈ આપઘાત

**ઉપરના** રૂમમાં ભત્રીજાને લટકતી હાલતમાં જોઈ કાકા સ્તબ્ધ; મકરપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

શહેરના મકરપુરા વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જશોદા કોલોનીમાં રહેતા અને ધોરણ 12 માં અભ્યાસ કરતા 17 વર્ષીય આશાસ્પદ યુવાને અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી ગઈ છે. વેકેશન પૂરું થવાના આરે હતું અને નવા શૈક્ષણિક વર્ષની તૈયારીઓ વચ્ચે જ યુવાને આ આત્યંતિક પગલું ભરી લેતા આસપાસના રહીશોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, મકરપુરાની જશોદા કોલોનીમાં રહેતા આતિશ વિરેન્દ્ર ચૌધરી ઉં.વ. 17 વર્ષ. એ આ આત્મઘાતી પગલું ભર્યું હતું. આતિશ તાજેતરમાં જ ધોરણ 11 ની પરીક્ષા પાસ કરીને ધોરણ 12 માં પ્રવેશ્યો હતો. ઘટના સમયે આતિશ ઘરના



ઉપરના રૂમમાં એકલો હતો.

જ્યારે તેના કાકા બહારથી ઘરે પરત આવ્યા અને ઉપરના રૂમમાં તપાસ કરી, ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આતિશ રૂમમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો. કાકાએ તુરંત જ બુમાબુમ કરતા આસપાસના પાડોશીઓ દોડી આવ્યા હતા. લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને વાતાવરણ ગમગીન બની ગયું હતું.

આ અંગે તુરંત જ મકરપુરા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. બનાવની ગંભીરતાને ધ્યાને રાખી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે પંચનામું કરી મૃતદેહને નીચે ઉતાર્યો હતો અને ત્યારબાદ પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

માત્ર 17 વર્ષની ઉંમરે, જ્યારે કારકિર્દીના ઘડતરનું વર્ષ ધોરણ 12 શરૂ થઈ રહ્યું હતું, ત્યારે આતિશે કેમ આત્મહત્યા કરી તે મોટો પ્રશ્ન છે. શું કોઈ માનસિક તણાવ હતો, અભ્યાસનું ભારણ હતું કે અન્ય કોઈ કારણ ? તે તપાસનો વિષય છે. આ ઘટનાએ વાલીઓ માટે પણ લાલબત્તી સમાન કિસ્સો રજૂ કર્યો છે.

### શંકાસ્પદ ગૌમાંસ વેચાણ પર પોલીસનો સપાટો

# વડોદરા : નવાપુરા વિસ્તારમાથી ગૌમાંસના જથ્થા સાથે એક ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં પોલીસે રેડ કરીને શંકાસ્પદ ગૌમાંસના વેચાણ અંગે પોલીસે કાર્યવાહી કરતા એક આરોપીને ઝડપી પાડ્યો છે જ્યારે બીજો આરોપી ફરાર હોવાનું બહાર આવ્યું છે. પોલીસે સ્થળ પરથી માંસનો જથ્થો તથા અન્ય સામગ્રી જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી વારંવાર ગૌમાનો જથ્થો ઝડપાતો હોય છે ત્યારે નવાપુરા પોલીસે અન્સારી મહોલ્લામાં રેડ કરીને આરોપી મોહંમદ સોએબ ઉર્ફે લલ્લુ ઐયુબ શેખને શંકાસ્પદ માસના જથ્થા સાથે પકડી પાડ્યો હતો, જ્યારે તબરેઝ કુરેશી (રહે. બાવામાનપુરા, નુરાની મસ્જીદ પાસે) પોલીસ રેઈડ દરમિયાન સ્થળ પર હાજર ન મળી આવતા ફરાર જાહેર કર્યો છે. પોલીસે વેચાણ માટે લાવવામાં આવેલો આશરે 16.650 કિલો ગૌમાંસનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો. આ સાથે ત્રણ છરા, ત્રણ છરી અને બે ઈલેક્ટ્રિક વજનકાંટા મળી કુલ રૂ. 8,472નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


DGVCL

**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
Bardoli Division
66 kV SS Compound, Surat-Bardoli Road, Bardoli 394 601
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders (Nos. 12 to 23) are invited from registered firms/parties for various works including erection and maintenance of HT/LT lines and TC, laying, testing and commissioning of 11/22 kV underground XLPE cables, supply and installation of parts for LaserJet printers, AMC of Lipi printers, installation of PIC earthing, raising of plinths at various transformers centers, day-to-day transportation and supply of materials at various sub-divisions under the jurisdiction of Bardoli Division. For further details, please visit www.nprocure.com.

EE (O&M), Bardoli Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents



DGVCL

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.**
CIN:U40102GJ2003SGC042909
ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે,સં.નિ.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનના સદર ફીડર પર જેટકો ઓફીસ દ્વારા તથા દ.ગુ.વી.જ.કં.લી દ્વારા લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચે જણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવિઝન | ફોલ્ટ સેંટર નં | તારીખ -વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કે.વી પેટિયા | તમામ ૧૧ કેવી ફીડરો | વાલિયા & નેત્રંગ | ૮૯૮૦૮૦૩૯૧૩ & ૭૪૩૪૦૧૭૪૩૦ | ૦૭.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૭.૦૦ |
| 2 | ૬૬ કે.વી મૌઝા | તમામ ૧૧ કેવી ફીડરો | નેત્રંગ | ૭૪૩૪૦૧૭૪૩૦ | ૦૭.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૫.૦૦ |
| 3 | ૬૬કે.વી હાંસોટ | ૧૧ કે.વી કાંતિયાજલ ફીડર | હાંસોટ | ૮૯૮૦૮૦૩૯૧૪ | ૦૭.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૯.૦૦ થી ૧૭.૦૦ |
| 4 | ૬૬કે.વી સજોદ | ૧૧ કે.વી માટીએદ જે.જી.વાય | અંકલેશ્વર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૨ | ૦૭.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૮.૦૦ થી ૧૪.૦૦ |
| 5 | ૬૬ કે.વી ઝગડિયા | તમામ ૧૧ કેવી ફીડરો | ઝગડિયા | ૮૯૮૦૮૦૩૯૧૫ | ૦૮.૦૫.૨૦૨૬ શુક્રવાર | ૦૮.૦૦ થી ૧૫.૦૦ |
| 6 | ૧૩૨ કે.વી અંકલેશ્વર | ૨૨ કેવી ગડખોલ જેજીવાય | ગડખોલ | ૦૨૬૪૬-૨૩૪૪૦૦ | ૦૯.૦૫.૨૦૨૬ શનિવાર | ૦૬.૦૦ થી ૧૪.૦૦ |

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર(સં.નિ.),ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


### અચાનક વાતાવરણ પલટો આવતા ખેતીને નુકસાન

# ભરૂચ અને નબીપુરના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ

**આગામી** દિવસોમાં પણ વાતાવરણમાં વધુ ફેરફાર થવાની શક્યતાઓ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.6

ભરૂચ અને નબીપુરના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા કમોસમી વરસાદ પડતા ઠંડક પ્રસરી ગઈ છે.ઉનાળાની ગરમી વચ્ચે પડેલા આ વરસાદને કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના દ્રશ્યો પણ સામે આવ્યા હતા. બુધવારે બપોર બાદ અચાનક આકાશમાં ઘેરા વાદળો છવાઈ ગયા હતા. પવન સાથે વરસાદી ઝાપટાં શરૂ થયા હતા, જે થોડા જ સમયમાં ભારે વરસાદમાં ફેરવાયા હતા. આ વરસાદને કારણે ગ્રામ્ય માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ભર ઉનાળે વરસેલા આ વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ખેડૂતો માટે આ વરસાદ મિશ્ર અસરકારક સાબિત થઈ શકે છે. કેટલાક પાકોને લાભ થવાની સંભાવના છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં નુકસાનની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ વાતાવરણમાં વધુ ફેરફાર થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આગામી દિવસોમાં ફરી વરસાદ થવાની આશંકા સેવાઈ છે.